સુડાએ કરેલ રજુઆત દરખાસ્ત

સુરત શહેરી વિકાસ સત્તામંડળ

"સુડાભવન", બહુમાળી મકાનની પાછળ,
નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.
ફેકસ : ૦૨૬૧-૨૪૭૦૩૧૮

નં.સુડા/યુ.૩/વિકાસ યોજના-૨૦૩૫/ ૫૭૪ તા. /૦૨/૨૦૧૭
14 FEB 2017

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય :- સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) ની મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૫ ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૬ હેઠળ મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવા બાબત.

સંદર્ભ :- (૧) અત્રેની કચેરીના તા.૦૯/૦૫/૨૦૧૬ નાં પત્ર ક્રમાંક : સુડા/યુ.૩/પુ.વિ.યો./૫૦૪૪
(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૧/૧૧/૨૦૧૬ અને તા.૦૯/૦૨/૨૦૧૭ ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬-લ.
(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૧/૧૧/૨૦૧૬ નાં પત્ર ક્રમાંક : યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬-લ.

મહાશય,

ઉપરોક્ત વિષયે સવિનય જણાવવાનું કે , સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડાની બોર્ડ બેઠક નં.૨૩૧ ના ઠરાવ નં.૨૮૪૮, તા.૧૯/૦૯/૨૦૧૩ થી વિકાસ યોજના-૨૦૩૫ નો મુસદ્દો તૈયાર કરવા માટે કરાવવામાં આવેલ. સુડા દ્વારા વિકાસ યોજનામાં સમાવિષ્ટ ૭૧૫ ચો.કિ.મી. વિસ્તાર માટે સર્વે, અભ્યાસ, ટેકનીકલ એનાલીસીસ વિગેરેની કામગીરી હાથ ધરાયેલ. તે દરમ્યાન સરકારશ્રીના તા.૦૯/૧૨/૨૦૧૫ ના જાહેરનામાં તથા તા.૧૮/૧૨/૨૦૧૫ ના સુધારા જાહેરનામાંથી સત્તામંડળની હદમાં નવા કુલ-૧૦૦ ગામોનો સમાવેશ કરવામાં આવતા, સદર જાહેરનામાંએ મુજબનો વિસ્તાર સત્તામંડળની હદમાં સમાવેશ કરી ૧૩૫૧ ચો.કી.મી. વિસ્તાર માટે વિકાસ યોજના-૨૦૩૫ નો મુસદ્દો તૈયાર કરી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૯ હેઠળ સંદર્ભ-(૧) તળેના અત્રેના તા.૦૯/૦૭/૨૦૧૬ ના પત્રથી સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ. અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૩ હેઠળ તા.૧૦/૦૫/૨૦૧૬ ના રોજ સરકારી ગેઝેટમાં નિયમોનુસાર મુસદ્દારૂપ વિકાસ યોજના - ૨૦૩૫ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રસિધ્ધીની તારીખથી બે મહિનાની મુદ્દતની અંદર પ્રસિધ્ધ થયેલ મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૫ ના સંબધમાં કોઈપણ વ્યકિત વાંધા / સુચન રજૂ કરવાના થાય છે. તેની જાહેરાત ગુજરાતી વર્તમાનપત્ર "ગુજરાત સમાચાર" અને "દિવ્ય ભાસ્કર" માં તા.૧૧/૦૫/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ છે.

પ્રસિધ્ધ કરેલ ૧૩૫૧ ચો.કિ.મી. સુડાનો વિસ્તાર માટે મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૫ નાં સંદર્ભે તા.૦૯/૦૭/૨૦૧૬ સુધી નિયત સમય મર્યાદામાં કુલ ૪૧૪૪ અરજીઓથી ૪૮૩૮ વાંધા / સુચનો લોકો પાસેથી સુડાને પ્રાપ્ત થયેલ છે.

દરમ્યાનમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૯/૦૭/૨૦૧૬ ના

Document released

Scanned with CamScanner

ત્યારબાદ, સંદર્ભ-(૨) તળેના ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક : જીએચવી/૧૮૯ ઓફ ૨૦૧૬/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬ [illegible] તા.૩/૧૧/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક : જીએચવી/૨૦૦ ઓફ ૨૦૧૬/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩) [illegible] વિસ્તારમાંથી ૬૧ ગામોને બાકાત કરાયેલ.

અધિનિયમની કલમ-૧૩ હેઠળ પ્રસિધ્ધ કરાયેલ મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તોને સદર [illegible] બાકાત કરવાથી સુડા વિસ્તારમાં ૧૨૦ મીટર પહોળાઈનાં રીંગરોડની સાતત્યતા જળવાશે નથી. આજ પ્રમાણે બરોડા-મુંબઈ એક્સપ્રેસ વે માટે સુચિત કરાયેલ ટ્રાન્સપોર્ટ એન્ડ કોમ્યુનીકેશન ઝોનની પણ સુડા વિસ્તારમા સાતત્યતા જળવાશે નહી. ઈન્ડસ્ટ્રીયલ શીફ્ટીગ ઝોનમાં હયાત ઔધોગિક એકમોને વિકાસ યોજનામાં પીજરત ગામમાં સરકારી જમીનમાં શીફ્ટ કરવાની દરખાસ્ત હતી. પરંતુ હવે, પીજરત ગામ સુડા વિસ્તારમાંથી બાકાત થઈ જાય છે વધુમાં સુરત ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ રીઝયન જે ગોથાણ રેલ્વે લાઈન સુધી સુચવવામાં આવેલ હતી તે પણ સાંધિયેર ગામ પછી સુડા વિસ્તારમાંથી બાકાત થઈ જાય છે, અને નરથાણ ગામમાં સાતત્યતા જળવાશે નહી.

"સુડા" દ્વારા કલમ-૧૩ હેઠળની પ્રસિધ્ધી કર્યાબાદ સુડા વિસ્તારમાંથી સરકારશ્રી દ્વારા ગામો બાકાત રાખવામા આવેલ હોય, મુસદ્દારૂપ વિકાસ યોજના મંજુરી અર્થે સાદર કરવા માટે શહેરી વિકાસ વિભાગના માર્ગદર્શન સુડાના તા.૨૫/૧૦/૨૦૧૬ અને તા.૦૮/૧૧/૨૦૧૬ ના પત્રોથી માંગવામાં આવેલ. જેના સંદર્ભમાં વિભાગના તા.૨૧/૧૧/૨૦૧૬ ના પત્ર નં.યુડીએ-૧૦૨૦૧૪- ૫૦૨૬-લ થી સુડાને હાલની સ્થિતીએ સુડાની હદમાં જ વિસ્તાર બાકી રહે છે તે વિસ્તાર માટે મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૫ ની પ્રસિધ્ધિ બાદ મળેલ વાંધા / સુચના અન્વયે અધિનિયમની કલમ-૧૬ હેઠળ સત્તામંડળના અભિપ્રાયસહ વિકાસ યોજના સાદર કરવા અંગેની યોગ્ય કાર્યવાહી કરવા માર્ગદર્શન આપવામાં આવેલ.

અત્રે જણાવવાનુ કે, તા.૦૯/૧૧/૨૦૧૬ ના રોજ છ મહિનાની સમયમર્યાદા પૂર્ણ થતી હોય, સુડાના તા.૧૯/૧૧/૨૦૧૬ ના પત્રથી અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૬(૧) ની પરંતુક ની જોગવાઈઓ મજબ વધુ ૩(ત્રણ) મહિનાની મુદ્દત વધારી આપવા સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવેલ. જેના સંદર્ભમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૧/૧૧/૨૦૧૬ ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬-લ. થી કલમ-૧૬ હેઠળ મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૫ સાદર કરવાની મુદ્દત તા.૧૦/૧૧/૨૦૧૬ થી તા.૦૯/૦૨/૨૦૧૭ અટલે કે ૩(ત્રણ) માસ સુધી પાર્શ્ચતવર્તી અસરથી વધારી આપવામાં આવેલ છે. ત્યારબાદ, સુડા દ્વારા તા.૦૩/૦૨/૨૦૧૭ ના પત્ર નં.સુડા/યુ.૩/વ.૧૪૦૧/૧૪૪૬ થી સદર મુસદ્દારૂપ વિકાસ યોજના કલમ-૧૬ હેઠળ સાદર કરવા માટેની મુદ્દત વધુ એક મહિનો લંબાવી આપવા માટે સરકારશ્રીને રજૂઆત કરવામાં આવતા વિભાગના સંદર્ભ-(૨) હેઠળના તા.૦૯/૦૨/૨૦૧૭ નાં હુકમથી સાદર કરવાની મુદ્દત તા.૦૯/૦૩/૨૦૧૭ સુધી સમયમર્યાદા વધારી આપવામાં આવેલ છે.

સરકારશ્રી દ્વારા તા.૨૧/૧૧/૨૦૧૬ ના પત્રથી મળેલ માર્ગદર્શન મુજબ ૬૧ ગામોને બાકાત કરી બાકી રહેલ સુરત મહાનગરપાલિકા વિસ્તાર અને ૧૩૪ (આખા ગામો) તેમજ ૪(પૈકી ગામો) ગામોનાં સુડાને કુલ [illegible]

Scanned with CamScanner

કલમ-૧૩ હેઠળ પ્રસિધ્ધ થયેલ મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૫ અન્વયે મળેલ વાંધા / સુચનોનું અભ્યાસ કરવામાં આવેલ. સુડાને મળેલ ૨૭૪૪ વાંધા સુચનોનું પૃથ્થકરણ નીચે મુજબ છે.

અ.નં.	રજુઆતની વિગત	કુલ વાંધા / સુચન	
૧.	ઝોનીગ	૧૩૮૨	૫૦%
૨.	રોડ	૭૧૩	૨૬%
૩	રીઝર્વેશન	૩૮૬	૧૪%
૪.	જી.ડી.સી.આર.	૮૩	૩%
૫.	અન્ય	૧૮૦	૭%
૬.	કુલ.	૨૭૪૪	

નામ.ગુજરાત હાઈકોર્ટ તેમજ નામ.સર્વોચ્ચ અદાલતમાં રીઝર્વેશનને લગતી બાબતો માટે જમીન માલિકો દ્વારા દાખલ કરાયેલ કોર્ટ મેર્ટરનું લીસ્ટ આ સાથે સામેલ છે. વધુમાં, મેટ્રોપોલીટન પ્લાનીગ કમિટીના કારણે સુડા દ્વારા કલમ-૧૩ હેઠળ પ્રસિધ્ધ કરાયેલ વિકાસ યોજના સામે વાંધો નામ.ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરાયેલ છે. પરંતુ કોઈપણ કોર્ટ મેર્ટરમાં વિકાસ યોજનાને કલમ-૧૬ હેઠળ સરકારશ્રીમાં સાદર કરવા માટે બાધ નડતો નથી.

સરકારશ્રી દ્વારા મળેલ માર્ગદર્શન મુજબ વિકાસ યોજના-૨૦૩૫ ને સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા માટે તા.૧૦/૦૨/૨૦૧૭ ની બોર્ડ બેઠક નં.૨૪૦ માં થયેલ વિસ્તૃત ચર્ચા વિચારણા બાદ બોર્ડ સમક્ષ અધિનિયમની કલમ-૧૩ હેઠળ પ્રસિધ્ધ થયેલ મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૫ ને સંબધિત સમય મર્યાદામાં સુડા કચેરીને મળેલ વાંધા સુચનો રજૂ કરવામાં આવેલ. વાંધા / સુચનો અન્વયે ચર્ચા દરમ્યાન મળેલ સુચનોને ધ્યાને લઈ સુડાના અભિપ્રાયને પત્રક એ, બી, સી, ડી અને ઈ સ્વરૂપે તૈયાર કરી અધિનિયમની કલમ-૧૬ અન્વયે મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવાનું ઠરાવ નં.૨૯૮૯ થી ઠરાવવામાં આવ્યું અને તે અંગેની સઘળી આગળની તમામ કાર્યવાહી કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સદર ઠરાવથી સત્તા સોંપવામાં આવેલ છે. જે અન્વયે પત્રક એ, બી, સી, ડી અને ઈ આ સાથે સામેલ છે.

કલમ-૧૩ હેઠળ પ્રસિધ્ધ થયેલ મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તોનાં વાંધા / સુચનો મુખ્યત્વે નીચે મુજબ સુડા કચેરીને મળેલ છે.

<u>ઝોનીગ અંગેના મુદ્દાઓ</u>

- નવા ઉમેરાયેલ ગામોમાં એન.એ.થયેલ જમીનોમાં સુચિત કરેલ ખેતી ઝોન સામે
- નવા ઉમેરાયેલ ગામોમાં એન.એ. થયેલ જમીનોમાં થયેલ બાંધકામ સંદર્ભિત સુચિત કરેલ ખેતી ઝોન
- ખેતી ઝોન માંથી રહેણાંક / કોમર્શીયલ / ઈન્ડસ્ટ્રીયલ ઝોન કરવા
- સુરત ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ રીઝયન સામે વાંધાઓ
- મોજે : પીજરતમાં સીફ્ટીગ ઈન્ડસ્ટ્રીયલ ઝોન
- મોજે : ડીડોલીમાં સુચવાયેલ ટ્રાન્સપોર્ટ એન્ડ કોમ્યુનીકેશન ઝોન સામે વાંધાઓ

<u>રસ્તાના મુદ્દાઓ</u>

Document released
under RTI Act.

Scanned with CamScanner

રીઝર્વેશનના મુદ્દાઓ

- ટી.પી.સ્કીમ વિસ્તાર માંથી વિકાસ યોજનામાં સુચવાયેલ રીઝર્વેશન રદ કરવા
- નવા સંપાદન કાયદા દ્વારા રીઝર્વેશન હેઠળની જમીનોનું સંપાદનની પ્રકિયા લાંબી અને સંપાદક સંસ્થા નાણાંકીય ભારણ વધશેઅમદાવાદ, ભરૂચ–અંકલેશ્વર, ગાંધીનગર ની વિકાસ યોજનામાં રીઝર્વેશન સુચવાયેલ નથી. ફકત સરકારી જમીનમાં રીઝર્વેશન ગાંધીનગરની વિકાસ યોજનામાં સુચવાયેલ છે

જી.ડી.સી.આર.ના મુદ્દાઓ :

- ક્રેડાઈ સુરત અને આઈ.સી.ઈ.એ. તેમજ અન્ય સંસ્થા / લોકો પાસેથી સુચનો મળેલ છે. તેને આ પત્ર સાથે સામેલ જી.ડી.સી.આર.માં આમેજ કરી કલર કોડ પ્રમાણે દર્શાવવામાં આવેલ છે.
- બોર્ડ સમક્ષ ચર્ચા દરમ્યાન રહેણાંક અને કોમર્શીયલ ઝોનમાં કલમ–૧૩ હેઠળ સુચિત કરેલ એફ.એસ.આઇ.માં વધારાની એફ.એસ.આઈ.ની માંગણી અન્વયે ચર્ચા કરવામાં આવેલ. કલમ–૧૩ હેઠળ પ્રસિધ્ધ થયેલ જી.ડી.સી.આર.માં નવા રહેણાંક ઝોનમાં એફ.એસ.આઈ. ૦.૬ થી ૧.૮ સુધી સુચિત કરાયલ છે. તેમાં વધારો કરી ૧.૮ થી ૫.૪ સુધી એફ.એસ.આઈ.ની માંગણી અન્વયે ચર્ચા કરવામાં આવતા ૦.૬ થી ૨.૭ સુધીની એફ.એસ.આઈ. મર્યાદિત રાખવા બોર્ડ દ્વારા સુચન થયેલ છે.
- કલમ–૧૩ હેઠળ પ્રસિધ્ધ થયેલ જી.ડી.સી.આર.માં ૯૦ મીટર આઉટર રીંગરોડનાં રહેણાંક ઝોનમા એફ.એસ.આઈ. ૦.૬ થી ૪.૦ સુધી સુચિત કરાયેલ છે. તેમાં વધારો કરી ૧.૮ થી ૫.૪ સુધી એફ.એસ.આઈ.ની માંગણી અન્વયે ચર્ચા કરવામાં આવતા ૧.૨ થી ૫.૪ સુધીની એફ.એસ.આઈ. મર્યાદિત રાખવા બોર્ડ દ્વારા સુચન થયેલ છે.
- એફ.એસ.આઈ. સિવાયના સુચનો માટે ક્રેડાઈ સુરત અને આઈ.સી.ઈ.એ. દ્વારા થયેલ રજૂઆત અન્વય પ્રસિધ્ધ થયેલ જી.ડી.સી.આર.માં મંજુર કરતી વખતે સરકારશ્રી કક્ષાએથી જરૂરી નિર્ણય લેવાનો થાય છે.

અન્ય મુદ્દાઓ :

- અધિનિયમની કલમ–૧૩ હેઠળ પ્રસિધ્ધ થયેલ વિકાસ યોજનાના નકશાઓમાં સર્વે નંબર / બ્લોક નંબર દર્શાવવાની ભુલ, રસ્તાની સાતત્યતા દર્શાવવાની ક્ષતિ, કેનાલ / રસ્તા દર્શાવવામાં થયેલ ભૂલ તેમજ ટાઇપીંગ ભૂલ અન્વયે મળેલ વાંધા સુચનોને ધ્યાને લઈ, સુધારા કરાયેલ છે.

અત્રે જણાવવાનું કે, ગુજરાત એકટ નં.૧૧ ઓફ ૨૦૧૪ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ માં સુચવેલ સુધારો તા.૨૧/૦૧/૨૦૧૫ થી અમલી બનેલ છે. સદર સુધારાઓ પૈકી સુધારા ક્રમાંક : ૭ થી મુળ કાયદાની કલમ–૧૫ રદ કરવામાં આવેલ છે અને કલમ–૧૪ માં સુધારો કરવામાં આવેલ છે. સદર સુધારા અન્વયે સત્તામંડળ દ્વારા કલમ–૧૩ હેઠળની પ્રસિધ્ધિ બાદ મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તામા સુધારા કર્યા સિવાય આવેલ વાંધા/સુચનોમાં અભિપ્રાય સાથે મુસદ્દારૂપ વિકાસ યોજના કલમ–૧૬ હેઠળ સાદર કરવાના થાય છે.

શહેરી વિકાસ વિભાગનાં તા.૨૪/૦૮/૨૦૧૬ ના પત્રથી પ્રસિધ્ધ થયેલ મુસદ્દારૂપ વિકાસ યોજના–૨૦૩૫ ના દરખાસ્તોમાં મુસદ્દારૂપ નગર રચના યોજના વિસ્તારમાં સુચિત કરાયેલ ટી.પી.રસ્તાઓને વિકાસ યોજનાનાં દરખાસ્તોમાં રદ કરવા સુઘ્ધાંને વિચારણા અર્થે પાઠવી આપવામાં આવેલ છે. વિકાસ યોજનાની દરખાસ્તામા ફેરફાર

Scanned with CamScanner

વધુમાં જણાવવાનું કે, ૨(બે) મહિનાની સમયમર્યાદા પછી સુરત મહાનગરપાલિકાનાં તા.૨૬/૧૨/૨૦૧૬ ના પત્ર નં.ટીપીડી/આ/૫૮૬૪ થી મોજે : ડીંડોલીનાં બ્લોક નં.૪૦૬ પૈકી, ૪૦૫ પૈકી, ૪૦૩ વાળી જમીનમાં સુચિત કરેલ ટ્રાન્સપોર્ટ અને કોમ્યુનીકેશન ઝોનને દૂર કરી રહેણાંક ઝોન અથવા કોમર્શીયલ ઝોનમાં નિયત કરવા માટે [illegible] સુચનોસહ વિગતો અત્રે પાઠવી આપવામાં આવેલ છે. જે ધ્યાને લઈ સવાલવાળી જમીનમાં ફેરફાર [illegible] કરી નિર્ણય લેવાનો રહે તથા સુરત મહાનગરપાલિકાના તા.૬/૦૧/૨૦૧૭ નાં પત્ર નં.ટીપીડી/[illegible] થી બમરોલી વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) તથા ટી.પી.સ્કીમ નં.૭૨(બમરોલી) માં જે [illegible] વિકાસ યોજના–૨૦૩૫ માં દર્શાવેલ છે તે સ્થળ ઉપર ના હોય તેને દૂર કરવા બાબતે અરજદારશ્રી [illegible] રજૂઆતને ધ્યાને લઈ સુચિત દરખાસ્તમાં ફેરફાર કરવા માટે થયેલ પણ થયેલ રજૂઆત બાબતે સરકારશ્રી [illegible] વિકાસ યોજનામાં ફેરફાર બાબતે જરૂરી નિર્ણય લેવાનો રહે.

પ્રાદેશિક મેનેજરશ્રી જી.આઈ.ડી.સી. સુરતના તા.૨/૦૧/૨૦૧૭ નાં પત્ર ક્રમાંક : જીઆઈડીસી/[illegible] ૩૧૭૭ તથા અન્ય કેટલાક અરજદારો દ્વારા સચીન ઔધોગિક વસાહતની પશ્ચિમ હદે આવેલ પ્લોટોને પ્રસિધ્ધ [illegible] મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્ત મુજબ સુચિત રોડથી જે પ્લોટો નિગમને ઔધોગકારોને ૯૯ વર્ષના પટ્ટે [illegible] છે. તેને અસર થતી હોય ઔધોગિક વસાહતોની હદની બહાર આયોજન કરવા ઉચ્ચિત જણાતું હોય સરકારશ્રી કક્ષાએથી વિકાસ યોજનામાં ફેરફાર બાબતે જરૂરી નિર્ણય લેવાનો થાય.

પત્ર સાથે સામેલ થયેલ સી.ડી.માં વિકાસ યોજનાના રીપોર્ટ, જી.ડી.સી.આર., પત્રક–એ થી ઈ, સુચિત જમીન વપરાશ દર્શાવતો નકશો, સ્ટ્રકચરલ મેપ (પ્રસિધ્ધ થયેલ નકશા મુજબ), સ્ટ્રકચરલ મેપ (કલમ–૧૬ હેઠળ સાદર થયા મુજબ) સોફટ કોપી સામેલ છે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ તા.૨૧/૧૧/૨૦૧૬ નાં રોજ શહેરી વિકાસ વિભાગમાંથી મળેલ માગદર્શનને ધ્યાને લઈ, અધિનિયમની કલમ–૧૩ હેઠળ પ્રસિધ્ધ થયેલ મુસદ્દારૂપ વિકાસ યોજના–૨૦૩૫ ની દરખાસ્તો સામે મળેલ વાંધા / સુચનો માટે સુધારેલ કલમ–૧૪ ની જોગવાઈઓ અન્વયે ગુજરાત નગર રચના શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૧૬ હેઠળ સુડાની મુસદ્દારૂપ વિકાસ યોજના–૨૦૩૫ વાંધા સુચનોસહ સરકારશ્રીની કલમ–૧૭ હેઠળ મંજુરી અર્થે સાદર કરવામાં આવે છે. જે વિદિત થવા વિનંતી છે.

<u>બિડાણ :</u>
(૧) મુસદ્દારૂપ વિકાસ યોજના–૨૦૩૫ નો નકશો
 ૧ સે.મી. = ૬૮.૦૦ મી.
(૨) મુસદ્દારૂપ વિકાસ યોજના–૨૦૩૫ નો અહેવાલ
 તથા વિકાસ નિયંત્રણ વિનિયમો.
(૩) વાંધા / સુચનો દર્શાવતું પત્રક.
(૪) બોર્ડ બેઠક નં.૨૪૦ ના ઠરાવ નં.૨૯૮૯ ની નકલ

આપનો વિશ્વાસુ

સ.

[illegible]

Document released

Scanned with CamScanner

દરખાસ્ત સુડાને પરત મોકલવા અંગેની વિભાગની નોંધ

ફા.ક્ર:વનમ-૧૪૨૦૧૮-૫૭૩૧-લ

સાદર રજુ,

1. સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તા.૧૪.૦૨.૨૦૧૭(પૃ.૧/પ.વિ.)થી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૩૫ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૬ હેઠળ મંજુરી સરકારશ્રીમાં સાદર કરેલ છે. જે સંદર્ભે નીચેની વિગતો ધ્યાને લેવા વિનંતી છે.
   a. સુડાની પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના તા.૦૨.૦૯.૨૦૦૪થી મંજુર થઇ તા.૧૫.૦૯.૨૦૦૪થી અમલમાં છે. જે મુજબ સુડાનો કુલ વિસ્તાર -૭૧૫ ચો.કિ.મી.(૯૫-ગામ) હતો.
   b. સરકારશ્રી દ્વારા તા.૦૯.૧૨.૨૦૧૫થી ૧૦૦-ગામોનો સુડા વિસ્તારમાં સમાવેશ થતા કુલ-૧૩૫૧ ચો.કિ.મી.(૧૯૫-ગામ) થયેલ. સુડાએ વધારેલ હદ સહિતની વિકાસ યોજના તા.૧૦.૦૫.૨૦૧૬થી અધિનિયમની કલમ-૧૩ હેઠળ પ્રસિદ્ધ કરેલ.
   c. સરકારશ્રી દ્વારા તા.૨૪.૧૦.૨૦૧૬થી ૫૭-ગામોનો સુડા વિસ્તારમાંથી બાકાત થતા કુલ-૯૮૫ ચો.કિ.મી.(૧૩૮-ગામ) સુડામાં બાકી રહેલ છે.

   ઉપર મુજબની વિગતો જોતાં, સુડાએ અધિનિયમની કલમ-૧૩ હેઠળ પ્રસિદ્ધ કરેલ હદ મુજબ તા.૧૪.૦૨.૨૦૧૭થી અધિનિયમની કલમ-૧૬ હેઠળ સુડાને મળેલ કુલ-૪૧૪૪ વાંધા અરજીઓના અભિપ્રાય સહ સાદર કરેલ છે. આમ, સુડાએ સાદર કરેલ દ્વિતિય વિકાસ યોજનાની હદ વિસ્તાર(કુલ-૧૩૫૧ ચો.કિ.મી., ૧૯૫-ગામ) તથા હાલની સ્થીતી એ સરકારશ્રીના તા.૨૪.૧૦.૨૦૧૬ના જાહેરનામા મુજબની હદ (૯૮૫ ચો.કિ.મી.,૧૩૮-ગામ) વિસ્તારમાં વિસંગતતા છે.

2. જે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૦.૦૭.૨૦૧૮ના રોજ જીલ્લાના માન. ધારાસભ્યશ્રીઓની યોજાયેલ બેઠકમાં વિકાસ યોજના બાબતે વિસ્તૃતમા ચર્ચા વિચારણા કરવામાં આવેલ.
3. મુખ્ય નગર નિયોજકશ્રીએ તા.૦૭.૦૮.૨૦૧૮થી (પૃ.૧૧/પ.વિ.) અભિપ્રાય પાઠવેલ છે. જે મુજબ સુડા દ્વારા નીચેની મુજબની પુર્તતાઓ સુડા પાસેથી મેળવવાની રહે.
   a. સુડા વિસ્તારમાંથી આયોજીત કરાયેલ ૧૨૦ મીટરના રીંગ રોડની દરખાસ્ત યથાવત રાખવી કે બદલવી તે પરત્વે સુડા વિસ્તારમાં કયા ગામ/વિસ્તારને આમેજ કરવાનો થાય.
   b. ડ્રાફટ ડી.પી.માં બુલેટ ટ્રેનની એલાઇનમેન્ટ અને બુલેટ ટ્રેનની સ્ટેશનનુ લોકેશન નકશામાં દર્શાવવાનુ થાય. સાથોસાથ બુલેટ ટ્રેનની આ દરખાસ્તને કારણે કનેકટીવીટી અને વિકાસ માટે કઇ બાબતોએ વિચારણા કરી શકાય અને તેની વિગતો ડી.પી.માં કયાં આમેજ કરવાની થાય.
   c. ડી.એફ.સી.સી.ની દર્શાવેલ એલાઇમેન્ટમાં વિસંગતતા હોવાની બાબત ધ્યાન પર આવેલ છે. તેની ચકાસણી કરી અને ખરેખર એલાઇનમેન્ટ વિકાસ યોજનામાં દર્શાવવાની રહે.
   d. ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ કોરીડોરની દરખાસ્તમાં સુચવાયેલ રેલ્વે લાઇનના બદલે ક્રિભકોની હયાત રેલવે લાઇન સાથે સુસંગત કરવા માટેની દરખાસ્ત.

C:\Users\hclk\Desktop\Surat_DP.docx

Scanned with CamScanner

ઉપરોક્ત વિગત સહ સુડાનો અભિપ્રાય/સ્પષ્ટતા/વિગતો મળ્યેથી તે બાબતો મુ.ન.નિ.શ્રિના અહેવાલમાં આવરી શકાય. હાલમાં સુડા ડ્રાફ્ટ ડી.પી.ની ચકાસણીની કાર્યવાંહી જારીમાં છે. તેમ મુ.ન.નિ.શ્રીને જણાવેલ છે.

4. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૭(૧)(a)ની જોગવાઇ નીચે મુજબ છે.

17.(1)(a) On receipt of the draft development plan under 16, the State Government may, by notification,-

(i) sanction the draft development plan and the regulation so received, within the prescribed period, for the whole of the area covered by the plan or separately for any part thereof, either without modification, or subject to such modification, as it may consider proper; or

(ii) return the draft development plan and the regulation to the area development authority or, as the case may be, to the authorized officer, for modifying the plan and the regulation in such manner as it may direct:

Provided that, where the State Government is of opinion that substantial modification in the draft development plan and regulation are necessary, the State Government may, instead of returning them to area development authority or, as the case may be, the authorised officer under this sub-clause, publish the modification so considered necessary in the *official Gazette* along with a notice in the prescribed manner suggestions or objections from any person with respect to the proposed modification within a period of two months from the date of publication of such notice; or

(iii) refuse to accord sanction to the draft development plan and the regulation and direct the area development authority or the authorised officer to prepare a fresh development plan under the provision of this Act.

5. માન.મુખ્યમંત્રીશ્રીની ઉક્ત બેઠકમાં થયેલ ચર્ચા તથા મુખ્ય નગર નિયોજકશ્રીએ પાઠવેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં, સુડા દ્વારા રજુ થયેલ પુનરાવર્તીત વિકાસ યોજના-૨૦૩૫ના આયોજનમાં મોટા પ્રમાણમાં ફેરફાર/અસરો થવાની સંભાવના છે.

Document released under RTI Act.

Scanned with CamScanner

ગુ.ન.નિ.શ્રીના ઉકત અહેવાલની વિગતો ધ્યાને લેતાં, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૭(૧)(a)(ii) મુજબ ફેરફારો કરવા માટે પુનરાવર્તીત વિકાસ યોજના સુડાને પરત મોકલીએ.

ખાસ ફરજ પરના અધિકારી

અગ્રસચિવશ્રી

CMS- 477839
Dt. 10 AUG 2018
માન.મુખ્યમંત્રીશ્રી

PS, UDD

P.S. (UDD)

OSD

PS UDD

C:\Users\hclk\Desktop\Surat_DP.docx

કન્સલ્ટેટીવ કમિટિ નોંધ મંજૂરી

સંપાદન કરવાનુ થાય છે અને તે સંપાદન કરવા માટે કઇ પ્રકારનુ આયોજન કરવામાં આવેલ છે એટલે કે કયા વર્ષમાં સંપાદન કરશે અને તે માટેની નાણાકીય જોગવાઇ શુ કરવામાં આવેલ છે તે પણ કરવાનુ રહે. અધિનિયમની કલમ – ૧૭ (૨) ની જોગવાઇ મુજબ રાજય સરકાર જયારે વિકાસ યોજનાને મંજુરી આપે તે વેળાએ સંપાદક સંસ્થા અનામત રાખેલ જમીનો અધિનિયમમાં દર્શાવેલ ત્રણ વિકલ્પો પૈકી કયા વિકલ્પથી સંપાદન કરશે તે માટે ખાત્રી / સંતોષ પામી રીઝર્વેશનો ચાલુ રાખવા કે કેમ તે અગેનો નિર્ણય લઇ શકે. સુડા દ્વારા વિકાસ યોજનાના રીપોર્ટમાં નાણાકીય વ્યવસ્થા સંપાદક સંસ્થા કઇ રીતે કરશે અને સુચવેલ ત્રણ વિકલ્પો પૈકી કયા વિકલ્પથી જમીન સંપાદન કરશે તે અંગેની સ્પષ્ટતા નથી. અને આ સ્પષ્ટતા વગર સુચવાયેલ રીઝવેશન અંગે કોઇ નીર્ણય લઇ શકાય નહી.

ઉકત જોગવાઇ આમ તો વિસ્તાર વિકાસ સત્તામંડળ માટેની છે. અધિનિયમની જોગવાઇ મુજબ રીઝર્વેશન હેઠળની જમીનો સંપાદન કરવા માટે સંપાદક સંસ્થાઓએ પોતાના સ્વભંડોળમાંથી નાણાનો ઉપયોગ કરવાનો રહે છે. પરંતુ જયારે આવી સંસ્થાઓને સરકાર સહાય આપતી હોય છે તેવા સંજોગોમાં પરોક્ષ રીતે સરકાર ઉપર નિર્ભર રહેતી હોવાથી, રીઝર્વેશન હેઠળની જમીનો અધિનિયમની કલમ – ૨૦ (૨) હેઠળ સંપાદક સંસ્થાઓ ઉપયોગમાં લેવા માંગતી હોય તો આ જમીનો તેઓ કઇ રીતે સંપાદન કરશે તે માટે સપાદક સંસ્થાઓએ અનામત રાખેલ જમીનોની જરૂરીયાત માત્ર દર્શાવી નહી પરંતુ તેને સંપાદન કરી કઇ રીતે તેનો વિકાસ કરશે તે માટેની રૂપરેખા ઘડવી જરૂરી છે. જેથી લોકોને યોજનામા દશાવેલ ઉદેશો મુજબ સુવિધાઓ પ્રાપ્ત થઇ શકે. અને સરકારશ્રી પાસેથી નાણાની સહાય મેળવી હોય તો તે માટેની જાણ સરકારને રહે. આમ સુડા દ્વારા સુચવેલ રીઝવેશનો અંગે નિર્ણય લેતા પહેલા સંપાદક સંસ્થાઓ પાસેથી જરૂરી માહીતી મેળવી અધિનિયમની કલમ- ૧૭ (૨) મુજબ નિર્ણય લેવો જરૂરી છે.

j. મુ.ન.નિ.શ્રીના રીઝર્વેશન અંગેના ઉપરોકત અભિપ્રાય ધ્યાને લઇ તેમજ એડવોકેટ જનરલશ્રીના નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ રજુ કરેલ નીવેદન ધ્યાને લઇ,

   i. અધિનિયમની કલમ–૧૬ હેઠળ સુડા દ્વારા સાદર કરાયેલ મુસદારૂપ વિકાસ યોજના –૨૦૩૫માં સુચવાયેલ તમામ રીઝર્વેશનોની જમીનોની દરખાસ્ત બાબતે હાલ કોઇ નિર્ણય ન લઇએ.

   ii. સાદર કરાયેલ મુસદારૂપ વિકાસ યોજના –૨૦૩૫માં સુચવાયેલ કુલ ૧૯૫ રીઝર્વેશનોની જરૂરીઆત બાબતે અભ્યાસ કરવા સ્થાનિક કક્ષાએ એક કન્સલ્ટેટીવ કમિટીની રચના કરવા અને આ કમિટીમાં નીચે મુજબના સભ્યોની નિમણૂક કરી,રીઝર્વેશનની ૧૯૫ સંખ્યાની ઝીણવટભરી ચકાસણી કરવાની તેમજ સંબંધિત વિભાગો સાથે પરામર્શ કરવાનો હોઇ, સરકારશ્રી દ્વારા કન્સલ્ટેટીવ કમિટીની રચનાનો હુકમ થયેથી છ માસમાં તમામ રીઝર્વેશનોની જરૂરીઆત બાબતે અહેવાલ/અભિપ્રાયસહ સરકારશ્રીને રજુ કરવાનો હુકમ કરીએ. કમિટીમાં નીચે મુજબના સભ્યો રહેશે.

૧	અધ્યક્ષશ્રી, સુડા અને મ્યુનિસીપલ કમિશ્નરશ્રી સુરત.	અધ્યક્ષ
૨	કલેકટરશ્રી, સુરત અને સભ્યશ્રી સુડા બોર્ડ, સુરત	સભ્ય

Scanned with CamScanner

૩	મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુડા, સુરત	સભ્ય
૪	ડે. કમિશ્નરશ્રી(પી.એન્ડ ડી.) સુરત મહાનગર પાલિકા, સુરત	સભ્ય
૫	અધિક મુખ્ય નગર નિયોજક,સુડા, સુરત	સભ્ય સચિવ

iii. ત્યારબાદ કમિટીનો રીપોર્ટ ધ્યાને લઇ જરૂર જણાય તો અધિનિયમની કલમ-૧૭(૧)(એ)(ii)ના પરંતુકની જોગવાઇ અનુસાર લોકોના વાંધા સુચનો આવકારવા પ્રાથમિક જાહેનામુ કરી શકાય છે જેમાં વાદીશ્રીઓ પણ તેમના વાંધા સુચનો રજુ કરી શકે છે.લોકોના નિયત સમય મર્યાદામાં મળેલ વાંધા સુચનો ધ્યાને લઇ નિર્ણય અધિનિયમની કલમ-૧૭(૧)(સી)ગુજબ આખરી કરવાનો થાય છે.

ઉપરોકત વિગતોએ ધ્યાને લઇ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તા.૧૪.૦૨.૨૦૧૭થી સરકારશ્રીની મંજુરી માટે સાદર કરેલ મુસદારૂપ વિકાસ યોજના-૨૦૩૫ સંદર્ભે નીચેની વિગતોએ નિર્ણય લેવાનો રહે.

1. સુડાની દરખાસ્ત મુજબ ૨૨-ગામો સુડાને હદમાં સમવેશ કરવા અધિનિયમની કલમ-૩ હેઠળ જાહેર નામુ કરીએ.
2. સુરત એરપોર્ટ સહિતની રીઝર્વેશન હેઠળની જમીનની આજુબાજુના જમીનોને સુડા વિસ્તારમાંથી બાકાત કરી ખજોદ શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવેશ કરવા અધિનિયમની કલમ-૨૨(૨)(એ) હેઠળ જાહેરનામુ કરીએ.
3. કલમ-૧૩ હેઠળ પ્રસિદ્ધ કરેલ વિકાસ યોજના સામે મળેલ વાંધા- સુચનો તેમજ સરકારશ્રી કક્ષાએ થી કરવાના થતા સુધારાઓ અન્વયે રીઝર્વેશન સિવાયની જમીનો માટે કલમ-૧૭(1)(a)(ii) ની પરંતુક હેઠળ લોકોના વાંધાસુચનો આવકારવા પ્રાથમિક જાહેરનામુ પ્રસિદ્ધ કરીએ.
4. રીઝર્વેશન હેઠળની જમીનો માટે સુચવ્યા મુજબ કમિટીની રચના કરવા હુકમ કરી, તેઓના અહેવાલ મળ્યેથી અધિનિયમની જોગવાઇ હેઠળ કાર્યવાહી કરીએ.

ઉપરોકત વિગતોએ ધ્યાને લઇ સુડાની મુસદારૂપ વિકાસ યોજના-૨૦૩૫ વિકાસ યોજના સંદર્ભે જરૂરી આદેશો મેળવવા સદરહુ ફાઇલ સરકારશ્રી સમક્ષ રજુ રાખીએ.

11/1/19
ખાસ ફરજ પરના અધિકારી

અગ્રસચિવશ્રી
11/1/19

CMO: 32252

માન.મુખ્યમંત્રીશ્રી

PS, U.D.D.
No. ૮ ૫૯૦
Dt. ૧૫/૧/૧૯

16/1/19 PS (UDD)
OSD

Scanned with CamScanner

કન્સલટેટીવ સમિતિનો અહેવાલ

૫૯૯

વિકાસ યોજના – ૨૦૩૫ અન્વયે કન્સલટેટીવ કમીટીની તા.૧૬.૦૮.૨૦૧૯ ના રોજ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડા ભવન, વેસુ આભવા રોડ, વેસુ, સુરતની કચેરીમાં ચેરમેનશ્રીની ઓફીસમાં યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ.

આજ તા.૧૬.૦૮.૨૦૧૯નારોજ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડા ભવન, વેસુ આભવા રોડ, વેસુ, સુરતની કચેરીમાં માન.ચેરમેનશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળઅને મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતના અધ્યક્ષપણા હેઠળ કન્સલટેટીવ કમીટીની બેઠક યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ.

૧	અધ્યક્ષશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળઅને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા,સુરત.	અધ્યક્ષ
૨	કલેકટરશ્રી અને સભ્યશ્રી સુડા બોર્ડ, સુરત	સભ્ય
૩	મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ, સુરત.	સભ્ય
૪	ડે.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત	સભ્ય
૫	અધિકમુખ્ય નગર નિયોજકશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ, સુરત.	સભ્ય સચિવ

બેઠકની શરૂઆતમાં મા.અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓનું સ્વાગત કરેલ ત્યારબાદ કાર્યવાહી શરૂ કરી, કમીટી દ્વારા આજદિન સુધી કરાયેલ કાર્યવાહીની સંક્ષિપ્તમાં ચર્ચા કરવામાં આવી જે નીચે મુજબ છે.

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૧૯ના હુકમમાં જણાવ્યા મુજબ સુરત શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના – ૨૦૩૫માં સુચવાયેલ રીઝર્વેશનોની જરૂરીયાત બાબતે ચકાસણી કરવા, સંબંધિત સંસ્થાઓ/ વિભાગો પાસેથી અભિપ્રાય અર્થે મુખ્ય કારોબારી અધિકારીશ્રીની અધ્યક્ષતા હેઠળ સંબંધિત સંસ્થાઓ સાથે રીઝર્વેશનની માહીતી નિયત નમુનામાં આપવા બાબતે અવગત કરવા તા.

Document released under RTI Act.

Scanned with CamScanner

૨૬/૦૩/૨૦૧૯ના રોજ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ સંબંધિત સંસ્થાઓ સાથે રીઝર્વેશનની માહીતી આપવા બાબતે તા. ૦૮.૦૭.૨૦૧૯ના રોજ મીટીંગનું આયોજન કરવામાં આવેલ તદઉપરાંત તા.૧૪/૦૩/૨૦૧૯, તા.૧૭/૦૫/૨૦૧૯ તથા તા.૨૭/૦૬/૨૦૧૯ના રોજ સંબંધિત સંસ્થાઓને ઉચ્ચકક્ષાએ વ્યક્તિગત પત્રો પાઠવવામાં આવેલ. જેની સમિતિ દ્વારા નોંધ લેવામાં આવી.

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૧૯ના હુકમમાં જણાવ્યા મુજબ સુરત શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના – ૨૦૩૫માં સુચવાયેલ રીઝર્વેશનોની જરૂરીયાત બાબતે ચકાસણી કરવા,હિત સંબંધિતોને સાંભળવા માટે તા.૨૨/૦૬/૨૦૧૯ના રોજ દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપી તા. ૨૬/૦૬/૨૦૧૯થી તા.૨૯/૦૬/૨૦૧૯ સુધી સુનવણીનું આયોજન કરી હિત સંબંધિતોને વ્યક્તિગત સાંભળવમાં આવેલ. જેની સમિતિ દ્વારા નોંધ લેવામાં આવી.
- સુરત શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના – ૨૦૩૫માં સુચવાયેલ રીઝર્વેશનોની જરૂરીયાત બાબતે ચકાસણી કરવા, સંબંધિત સંસ્થાઓ / વિભાગો / હિત સંબંધિતો / નિષ્ણાંતો સાથે પરામર્શ કરી, તમામ જરૂરીયાત બાબતે અહેવાલ / અભિપ્રાય સહ સરકારશ્રીને પાઠવવા અંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૧૯થી કન્સલ્ટેટીવ કમિટીની રચના કરવામાં આવેલ. સદર હુકમ મુજબ નિષ્ણાતો સહ પરામર્શ કરવા અંગે શ્રી સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, સુરત દ્વારા અગાઉ અત્રેની વિકાસ યોજના – ૨૦૩૫માં આયોજન અંગે કરેલ કામગીરીના અનુભવના આધારે તથા જાણકાર સ્થાનિક સંસ્થા હોઇ નિષ્ણાંત તરીકે સદર સંસ્થાના અર્બન પ્લાનીંગ વિભાગના આસીટન્ટ પ્રોફેસર શ્રી ચેતન પટેલની નિમણૂંક કરવામાં આવેલ.એસ.વી.એન.આઇ.ટી. ના આસીટન્ટ પ્રોફેસરશ્રી દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય મુજબ "વોટર સપ્લાય, ડ્રેનેજ તથા સોલીડ વેસ્ટ ડિસ્પોસલ રીઝર્વેશનને ભાવિષ્યના વિકાસ તથા વસ્તીના વધતા વસવાટની ગણતરીને ધ્યાને લઇ ફરજીયાત ગણવા તથા અન્ય રીઝર્વેશન જેવા કે, ગાર્ડનતથા ટ્રાન્સપોર્ટ ટર્મીનલ જેવા મરજીયાત રીઝર્વેશનો વિસ્તારની માંગ આધારિત હોઇ સદર રીઝર્વેશનોને નગર રચના યોજના બનાવવામાં આવે તે સમયે સુચિત કરી શકાશે." જેની સાથે સમિતિ દ્વારા સમ્મતિ દર્શાવામાં આવી.

આમ ઉપરોક્ત વિગતોએ આજરોજની બેઠકમા નીચે મુજબની બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

Scanned with CamScanner

(A) સુરત શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૫ માં સુચવાયેલ રીઝર્વેશનોની જરૂરીયાત બાબતે ચકાસણી કરતાં નિષ્ણાંત તરીકે એસ.વી.એન.આઇ.ટી. નાં આસી.પ્રોફેસરશ્રીની નિમણુંક કરવામાં આવેલ જે અન્વયે તેઓશ્રી દ્વારા ઉપર મુજબ અભીપ્રાય આપવામાં આવેલ છે. જે અંગે સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરી વિકાસ સત્તામંડળના આ વિષયના નિષ્ણાંત સ્ટાફ સાથે પરામર્શ કરી તેઓશ્રી દ્વારા આ ધ્યાન દોરવા મા આવ્યુ કે આવા પ્રકારના હેતુ માટે એક જથ્થામાં જમીન ઉપલબ્ધ હોઇ તો જ જે તે પ્રકારનો પ્રોજેક્ટ સ્થળ ઉપર અમલમાં મુકી શકાય, સદરહું રીઝર્વેશનના લોકેશન જે તે સમયે સત્તા મંડળ દ્વારા તત્રિક રીતે તથા આયોજનની રીતે જરૂરી તમામ પાસાઓને ધ્યાને લઈ મુકવામાં આવેલ છે, સૂરત શહેરનો વિકાસ ખુબ જ ઝડપથી થઈ રહેલ છે અને શહેરનો વસ્તી વધારાનો દર પણ ખુબ જ ઉંચો છે જે ધ્યાને લેતા ઉપરોક્ત તમામ રીઝર્વેશનો શહેરની ભવિષ્યની જરૂરીઆતો પુરી પાડવા માટે જે તે ક્ષેત્રફળ જેટલા હોવા જરૂરી છે. તેને સર્વાનુમતે માન્ય રાખેલ છે.

(B) આ ઉપરાંત અસરકર્તાઓની સુનવણી દરમિયાન ઘણા કિસ્સાઓમાં અસરકર્તા દ્વારા તેઓને ૧૫ થી ૨૦ વર્ષ સુધી પહોંચેલ અગવળ ને ધ્યાને લઇ તથા તેઓ તેમની જમીનમાં વિકાસ કરી શકેલ ના હોય તે ધ્યાને લઇ માનવતાના ધોરણે ૫૦% કપાત કરી બાકીની ૫૦% જમીન રીઝર્વેશનમાંથી મુક્ત કરવા મૌખિક રજુઆતો કરેલ હતી જેને સર્વાનુમતે ધ્યાને લીધેલ.

(C) કલેક્ટરશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે સરકારશ્રીની માલિકીની જમીનોમાં કોઇ ચોક્કસ હેતુનું રીઝર્વેશન સુચવવાથી સવાલવાળી જમીન જાહેરહિતમાં ઘણા કિસ્સામાં અન્ય સંસ્થાને ફાળવી શકાતી નથી અને આ સંજોગોમાં સરકારશ્રીની માલિકીની જમીનમાં રીઝર્વેશનનો ચોક્કસ હેતુ સુચવેલ હોય તો તેવા તમામ કિસ્સામાં "પબ્લિક પર્પઝ" હેતુ સુચવવામાં આવે તે વધુ યોગ્ય રહેશે,જેને ધ્યાને લેવામાં આવેલ.

(D) કન્સ્લટેટીવ કમીટી દ્વારા અસરકર્તાઓની જાહેર સુનાવણી કરવામાં આવેલ હતી સુનવણી દરમિયાન સ્થળે હયાત બાંધકામ હોવાની રજુઆતો કરવામાં આવી હતી. આવા કિસ્સાઓમાં ટૂંકા સમયમાં સ્થળે હયાત બાંધકામની કાયદેસરતાની ચકાસણી શક્ય ન હોવાથી,તથા સ્થળ પરનું બાંધકામ રીઝર્વેશન સુચવ્યા તારીખ પહેલાનું છે કે પછીનું તે નક્કી કરવું ટૂંકા સમયગાળામાં શક્ય ન હોવાથી, આવા કિસ્સાઓમાં સરકારશ્રી દ્વારા કોઇ નીતી બનાવવામાં

Document released under RTI Act

Scanned with CamScanner

આવે તો વધુ યોગ્ય બનશે અને તે નીતી મુજબ દરેક રીઝર્વેશન અંગે કાર્યવાહિ કરવાની રહેશે તેમ સુચવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(E) વિકાસ યોજનામાં સમાવિષ્ટ રીઝર્વેશન અન્વયે જુદી જુદી સંસ્થાઓ સાથે થયેલ સુનાવણી તથા તેઓશ્રી દ્વારા કરાયેલ રજુઆતના આધારે તથા એસ.વી.એન.આઇ.ટી.નો અભિપ્રાય તેમજ તે અંગે સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરી વિકાસ સત્તામંડળના આ વિષયના નિષ્ણાંત સ્ટાફ સાથે પરામર્શ તથા અન્ય તમામ પાસા ધ્યાને લઇ નીચે મુજબની પધ્ધતિ અનુસરીને રીઝર્વેશન બાબતે અહેવાલ કરી સરકારશ્રીમાં રજુ કરવા ઠરાવવામાં આવ્યુ.

(૧) સંબંધિત સંસ્થાઓના લેખીત અભિપ્રાય મુજબ રીઝર્વેશનો અંગે જો સંબંધિત સંસ્થાઓને રીઝર્વેશનોની જરૂરીયાત ના હોઇ તો સદર રીઝર્વેશનમાં આવતી જમીનોને મુક્ત કરવાનું ઠરાવવામાં આવ્યું.

(૨) જો સંબંધિત સંસ્થાઓને સુચવેલ રીઝર્વેશનોની જરૂરીયાત હોઇ તો સંબંધિત સંસ્થાઓ દ્વારા જમીન સંપાદનની કાર્યવાહી આજરોજ એટલે કેતા. ૨૦/૦૮/૨૦૧૯ પહેલા કોઇ પ્રકારે શરૂ કરેલ હોય એટલે કે – સુરત મહાનગર પાલિકાના કિસ્સામાં કમિટીમાં ઠરાવ કરી કાર્યવાહિ શરૂ કરી હોય અથવા અન્ય સંસ્થાઓમાં સૈધ્ધાંતિક મંજુરી મેળવવાની કાર્યવાહિ શરૂ કરેલ હોય અથવા જે કિસ્સામાં જમીન સંપાદન હેઠળ કલમ – ૧૦ અથવા કલમ – ૧૧ની કામગીરી પણ કરેલ હોય – તેવા તમામ કિસ્સામાં સદર રીઝર્વેશન ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(3) સંબંધિત સંસ્થા દ્વારા જો જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ ન હોય તો પણ એસ.વી.એન.આઇ.ટી.ના અભિપ્રાય તથા તે અંગે સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરી વિકાસ સત્તામંડળના આ વિષયના નિષ્ણાંત સ્ટાફ સાથે પરામર્શ કરી અને ચર્ચાને અંતે કમિટીના સભ્યો સહમત થયેલ કે, સુરત શહેરનો વિકાસનો ઝડપી દર ધ્યાને લઇ ભવિષ્યમાં મૂળભુત પાયાની જરૂરીયાત કે જેમાં એક જથ્થે જમીનો જરૂરી બની રહે છે. તેવી પાયાની જરૂરીયાત માટેની ફરજીયાત સેવાઓ ડ્રેનેજ, સોલીડ વેસ્ટ ડીસ્પોસલતથા વોટર સપ્લાય હેતુના રીઝર્વેશન ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૪) સુરત શહેરનો ઝડપી વિકાસ દર ધ્યાને લઇ બાકી રહેતા રીઝર્વેશનોમાં પણ ભવિષ્યમાં શહેરની જરૂરીયાત પુરી પાડવામાં વધુ આસાન બની રહે તે હેતુથી બાકી રહેતા રીઝર્વેશન પૈકી સરકારી સર્વે નંબરમાં રીઝર્વેશન ચાલુ રાખવા ઠરાવવામાં આવેલ અને

Document released under RTI Act.

Scanned with CamScanner

તે પૈકી જે રીઝર્વેશન સંપૂર્ણતઃ સરકારી સર્વે નંબરમાં હોય તેને"પબ્લિક પર્પઝ"માં ફેરવવા સરકારશ્રીમાં ભલામણ કરવી અને ખાનગી જમીનોના મુળખંડ / મુળ સર્વે નં. માં ૫૦% કપાત લઇ રીઝર્વેશન મુક્ત કરવા ઠરાવવામાં આવેલ.

આમ, તમામ રીઝર્વેશન અંગે ઉપર જણાવેલ (૧) થી (૪) મુજબ વર્ગીકરણ કરી તે મુજબ કેટેગરી પ્રમાણે આ સાથે સામેલ બિડાણ ૧ થી ૬ સહિતના આજરોજ રજુ કરાયેલ વિસ્તૃત અહેવાલ સરકારશ્રીમાં સાદર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

બિડાણ :-

(૧) સંસ્થાઓને જરૂરીયાત ન હોય તેવા રીઝર્વેશનોની વિગત

(૨) જમીન સંપાદનની કાર્યવાહિ શરૂ થઇ ગયેલ હોયતેવા રીઝર્વેશનોની વિગત.

(૩) ફરજીયાત ઉપયોગવાળા રીઝર્વેશનોની વિગત.

(૪) સંપૂર્ણતઃ સરકારી સર્વે નંબરમાં હોય તેને "પબ્લિક પર્પઝ"માં ફેરવવાના રીઝર્વેશનોની વિગત.

(૫) સરકારી માલિકી તથા ખાનગી માલિકી સંયુક્ત જમીનોવાળા મરજીયાત ઉપયોગવાળા રીઝર્વેશનોની વિગત.

(૬) ખાનગી માલિકીની જમીનોમાં ૫૦ % કપાતનો વિકલ્પવાળા મરજીયાત રીઝર્વેશનોની વિગત.

સભ્ય સચિવ કન્સલ્ટેટીવ કમીટી
તથા અધિક મુખ્ય નગર નિયોજક,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

ડેપ્યુટી કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

કલેક્ટર,
સુરત અને સભ્ય, સુડા બોર્ડ,
સુરત.

અધ્યક્ષ, કન્સલટેટીવ કમીટી,
અધ્યક્ષ, સુડા અને મ્યુનિસિપલ કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા, સુરત

Scanned with CamScanner

૨૭/નોંધ
રીઝર્વેશનવાળી જમીનમાં ૫૦% કપાતની મંજૂરી

શહેરી વિકાસ વિભાગ
CMS: 524879; Dt.11/10/2019
ફા.ક્રમાંક: વનમ-૧૪૨૦૧૮-૫૭૩૧-લ

આજરોજ સુરતના પદાધિકારીઓ / મ્યુનિસિપલ કમિશ્નરશ્રી વ સુડા ચેરમેન સહ અધિકારીઓ અને શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી સાથે મીટીંગમાં થયેલ ચર્ચાના અનુસંધાને સુડા ડીપીના રીઝર્વેશન અંગે રજુ થયેલ દરખાસ્ત માટે નીચેની વિગતે પ્રારંભિક જાહેરનામુ પ્રસિધ્ધ કરીએ.

(૧) દરખાસ્ત સહ રજુ થયેલ કન્સલટેટીવ કમીટીના રીપોર્ટના પાના નં ૭૮ (પૃ.૬૭૭/પ.વિ) પર દર્શાવેલ ક્રમ ૧ થી ૯ ની જમીનો માટે સંપાદનની કાર્યવાહી શરૂ થયેલ હોઇ, સુચવ્યા મુજબ રીઝર્વેશન યથાવત રાખીએ.

(૨) કમીટીના રીપોર્ટના પાના નં ૧૦૪ થી ૧૧૦ (પૃ.૭૦૫ થી ૭૧૧ / ૫ વિ) પર દર્શાવેલ ક્રમ ૧ થી ૪૯ ની જમીનો પરત્વે ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુ. કોર્પો એક્ટની કલમ ૭૮ અન્વયે મંજુરી મળેલ હોઇ, સુચવ્યા મુજબ રીઝર્વેશન યથાવત રાખીએ.

(૩) તમામ સરકારી જમીનો ઉપર સુચવ્યા પ્રમાણે કોઈપણ હેતુ માટેના રીઝર્વેશનની જમીનોને "પબ્લીક પર્પઝ"ના રીઝર્વેશન માટે રાખવા ફેરફાર કરીએ.

(૪) રજુ થયેલ દરખાસ્ત પૈકી સુડા ડીપી-૨૦૩૫માં પ્રથમવાર સુચવેલ તમામ રીઝર્વેશન યથાવત રાખીએ.

(૫) ઉપરોક્ત સિવાયના તમામ રીઝર્વેશન વાળી જમીન માટે ટી.પી. સ્કીમની રૂઈએ ૫૦ ટકા કપાત ધોરણ રાખી, રીઝર્વેશનમાંથી મુક્ત કરી આ જમીનો આનુસંગીક ઝોનમાં સુચવીએ.

(વિજય રૂપાણી)
મુખ્યમંત્રી

અ.મુ.સ.શ્રી(શ.વિ.વિ) ૧૨/૧૧/૧૯

S.O.

૧૩/૧૧

Scanned with CamScanner

૧૩૬

સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વિકાસ યોજના-૨૦૩૫ બાબત

* ૩૯૩૯૮ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	જવાબ
(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ ની સ્થિતિએ સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા અધિનિયમ હેઠળ સરકારની મંજૂરી માટે સાદર કરાયેલ મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૫ ને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,	(૧) હા, જી.
(૨) ઉક્ત મુસદ્દારૂપ યોજના મંજૂરી માટે સરકારમાં રજૂ થયેલ તેમાં કુલ કેટલા રીઝર્વેશનો, કેટલા એરીયા માટેના દર્શાવેલ હતા,	(૨) કુલ -૨૦૧ ક્ષેત્રફળ-૧,૬૬,૧૪,૪૭૬ ચો.મી.
(૩) સરકાર દ્વારા અપાયેલ મંજૂરીમાં કુલ કેટલા રીઝર્વેશનોની કેટલા એરીયા માટે મંજૂરી આપવામાં આવેલ છે	(૩) કુલ-૮૯ રીઝર્વેશન ક્ષેત્રફળ-૭૫,૩૫,૧૦૭ ચો.મી.

Scanned with CamScanner